

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*અવાવરું મંદિરની ધજા છે બંધારણ,*
*ક્રિયાકાંડની યાંત્રિક પૂજા છે બંધારણ,*
*ઉર્જા છે બંધારણ લોકશાહીના પ્રાણની -*
*ડૂબતાને બચાવતી ભૂજા છે બંધારણ*

હાઈકુ

*મારી મચડી,*
*બધા કાઢે છે અર્ક -*
*શાંત - સાત્વિક...*
*(ફળદ્રુપ બંધારણ)*

*છે ‘ઉપયોગી -’*
*સોગંદવિધિ માટે -*
*‘ગંગા’ - સ્વરુપ*
*(હાથવગું હથિયાર)*

### ચિંતન

*ઉત વા યઃ રહસ્ય પ્રવિદ્વાન્મત્તો મર્ત મર્ચયતિ દ્વયેન ।*
*અતઃ પાહિ સ્તવમાન સ્તુવન્તમગ્ને માર્કનો દુરિતાય ધાયીઃ ॥*

**ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.**

**જે લોકો હંમેશા બીજાઓની નિંદા કરે છે અને દોષો શોધતા રહે છે. તેમનાથી બચવું જોઈએ, કારણ કે તેમની પાસે રહેવાથી આપણો સ્વભાવ પણ તેમના જેવો જ થઈ જાય છે.**

**કહેવત છે કે ‘મનુષ્યને બીજાની આંખનો તલ તો દેખાય છે પરંતુ પોતાની આંખનો તાડ દેખાતો નથી.’**

**નિંદા કરવાથી મનુષ્યની દૃષ્ટિ એવી બની જાય છે કે તેને સર્વત્ર ખરાબ જ દેખાય છે. લોકોના સારા ગુણો તરફ તેનું ધ્યાન જ જતું નથી. જેમની સામે પોતાના સ્પષ્ટ કોઈ ધ્યેય નથી હોતું, સમયના સદુપયોગની કોઈ યોજના નથી હોતી તેઓ જ પરનિંદામાં મગ્ન રહીને સમયને નષ્ટ કરે છે. બીજાઓને હલકા પાડીને પોતાની પ્રતિષ્ઠા વધારવાનું ચલણ આજકાલ સર્વત્ર દેખાય છે. હંમેશા બીજાના ગુણ જુઓ, પણ દોષ પોતાના જુઓ, ત્યારે ખબર પડશે કે ‘મુજ સે બૂરા ન કોય.’ નિંદાથી બચીએ તો આપણું શુદ્ધિકરણ શક્ય છે.**

### સુવિચાર

- ભાવ ખાવાનો સ્વભાવ રાખવા કરતાં... ભાવ ભરેલો સ્વભાવ રાખતા શીખો, ખુબ ખુશ રહેશો - **અમૃતબિંદુ**
- કોશિશે બહુત કી સમજદાર બનને કી, લેકિન... ખુશિયાં હંમેશા બેવકુફિયાં કરને સે મિલી - **નરેન્દ્ર પંત**
- ‘છળ’માં બેશક ‘બળ’ હશે, પણ.... ‘પ્રેમ’માં આજે પણ ‘હલ’ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીભના શબ્દો અને શબ્દોનો વટ માણસનું મગજ નહીં એના ખિસ્સાનો ભાર નક્કી કરે છે - **કાંતિ ભટ્ટ**
- વિશ્વાસ ઉઠી જાય પછી સોગંધની શરુઆત થાય - **હિના ફુલાલ**
- જેવી રીતે સ્વચ્છ દર્પણમાં મુખ ચોખ્ખું દેખાય છે એવી જ રીતે શુદ્ધ મનમાં જ્ઞાન પ્રગટ થાય છે - **સુધાંશુજી મહારાજ**
- આજનું ઔષધ : કેળાના ગરમાં આમળાનો ૨૫ ગ્રામ જેટલો રસ ભેળવીને લોહી શુદ્ધ થતાં ચામડીના રોગમાં લાંબાગાળે ફાયદો થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જયોર્જ વેસ્ટીંગ હાઉસના નામે ચારસો જેટલી શોધોની પેટન્ટ હતી. રેલવેમાં વપરાતી ‘ઓટોમેટિક એરબ્રેક’ તેમણે શોધેલી. એરબ્રેકની શોધ કરવામાં અને એની પાકી ચકાસણી કરવા માટે કેટલાક પ્રયોગો કરવા જરૂરી હતા. આ પ્રયોગો ખર્ચાળ પણ હતા. આ પ્રયોગ કરવા માટે તેમણે અમેરિકાની એક સદ્ધર રેલવે કંપનીને એકબ્રેકના લાભ સમજાવીને વિનંતી પત્ર લખ્યો. એ રેલવે કંપનીના મુખ્ય સંચાલિકે તુમાખી ભર્યું વર્તન કરતા. જયોર્જના લખેલા કાગળ પર નોંધ મુકી. ‘આવા બિનઅનુભવી મૂરખા પાછળ બગાડવા માટે મારી પાસે સમય નથી!’ અને તે કાગળ જયોર્જને પરત મોકલ્યો. આવો તુમાખી ભર્યો જવાબ મળવા છતાં જયોર્જ નિરાશ ન થયો. તેણે બીજી રેલવે કંપનીનો સંપર્ક કર્યો. અંતે એક કંપનીએ જયોર્જનો પ્રસ્તાવ સ્વીકાર્યો અને પોતાના પ્રયોગ કરવા માટે ખર્ચ અને બીજી બધી જ સગવડો કરી આપી. જયોર્જનો પ્રયોગ સફળ થયો. અને આ એરબ્રેકની વાત અગાઉના અભિમાની મેનેજર પાસે પહોંચી. એટલે એણે જયોર્જને મનાવવા માટે બહુ પ્રેમાળ પત્ર લખ્યો અને પ્રયોગ રવા માટે મોટી રકમ ફાળવવાની ખાત્રી આપી. આ પત્રના જવાબમાં જયોર્જ એનો એ જ પત્ર પેલા મેનેજરને મોકલી આપ્યો અને તેના પત્ર પર નોંધ લખી. ‘આવા બિનઅનુભવી મૂરખા પાછળ બગાડવા માટે મારી પાસે સમય નથી.’ સાર એટલો કે ‘નિષ્ફળતા એ અર્ધવિરામ છે.’ ‘હાર’ એ પૂર્ણવિરામ છે. નિષ્ફળથા એ પ્રયત્નો સાથે સંબંધ ધરાવે છે. માણસ કદી નિષ્ફળ જતો નથી. તેના પ્રયત્નો, નિષ્ફળ નિવડે છે.

# બંધારણનાં નૈતિક મૂલ્યોનું પાલન

બંધારણ દિવસની ઉજવણી વખતે બંધારણના ઘડવૈયાની પ્રતિમા સમક્ષ કોંગ્રેસનાં કાર્યકારી અધ્યક્ષા સોનિયા ગાંધીના નેતૃત્વ હેઠળ વિપક્ષોએ કેન્દ્ર સરકાર સામે ધરણાં કર્યાં અને મહારાષ્ટ્રમાં બનેલા કમનસીબ ઘટનાક્રમ સંદર્ભે સરકારને બંધારણની હત્યા ગણાવી. બીજી તરફ સરકારના હાકેમોએ બંધારણની પવિત્રતા સાચવવાના શપથ લઈ મોટી મોટી છતાં ખોટી ખોટી વાતો રગડાવ્યે રાખી. સવિશેષ બંધારણનાં નૈતિક મૂલ્યોના પાલન પર મહામહિમ રાષ્ટ્રપતિએ ભાર મૂક્યો. નૈતિક મૂલ્યો એટલે કયાં મૂલ્યો ? મહારાષ્ટ્રમાં રાતોરાત રાષ્ટ્રપતિ શાસન ઉઠાવી લેવાનો કરાયેય નિર્ણય ‘નૈતિક’ હતો ? રાજયપાલે બંધારણનો અમલ કરાવવાની પવિત્ર ફરજ બજાવવાની હોય છે. મહારાષ્ટ્રના રાજયપાલ ભગતસિંહ કોશિયારીએ રાષ્ટ્રભક્તિ કરી હતી કે રાજભક્તિ ? એમણે વિપક્ષી દળોની બહુમતીનો ખ્યાલ હોવા છતાં વહેલી સવારે જ ભાજપના નેતૃત્વ હેઠળ સરકાર રચવાનું આમંત્રણ પાઠવી દીધું હતું અને મુખ્યમંત્રી તરીકે દેવેન્દ્ર ફડણવીસ સાથે નાયબ મુખ્યમંત્રી પદે રાષ્ટ્રવાદી કોંગ્રેસના અજિત પવારને શપથ લેવડાવી દીધા હતા. આ શું બંધારણના નૈતિક મૂલ્યોનું પાલન હતું ?

**તંત્રીસ્થાનેથી...**

રાજયપાલની ફરજ નહોતી કે પોતે બંધારણીય પદ પર બેઠેલા હોય ત્યારે સરકાર બનાવવા જેવી ગંભીર બાબતે થોડી ધીરજ રાખે? એમણે ફડણવીસને સમજાવવા જોઈતા હતા કે એનસીપીનો આમ ચોરીછૂટીથી ટેકો મેળવવાનું યોગ્ય ન ગણાય. કદાચ એનસીપી ટેકો આપવા તૈયાર થઈ હોય તો એના ધારાસભ્યોને હાજર રાખીને જ એ ટેકો વાસ્તવિક છે એની ખાતરી કરવી જોઈતી હતી. રાજયપાલે આમાંનું કંઈ જ કરવાને બદલે ઉપરના આદેશ મુજબ ફટાફટ ‘બંધારણીય’ પ્રક્રિયા પૂરી કરી દીધી અને પૂરા એંશી કલાક પણ ન ચાલે એવી સરકારનો જન્મ કરાવી દીધો. આ કોઈ અજાણતાં થયેલી ભૂલ નહોતી. સિફતપૂર્વક બંધારણીય વ્યવસ્થાને અનુકૂળતા મુજબ મારીમચડીને આખું પરાક્રમ સંપન્ન થયું હતું. કર્ણાટકમાં આવી ઉતાવળને લીધે રાજયપાલ વજુભાઈ વાળાની જે દુર્દશા થઈ હતી એથી પણ વધારે ખરાબ હાલત મહારાષ્ટ્રના રાજયપાલ ભગતસિંહ કોશિયારીની થવા પામી હતી. રાષ્ટ્રપતિએ ‘રબર સ્ટેમ્પ’ રાષ્ટ્રપતિ તરીકેના કટોકળીકાળના રાષ્ટ્રપતિ ફખરુદ્દીન અલી અહેમદને ભોંઠા પાડી દીધા છે. હમ ભી કમ નહીં - એવા હુંકાર સાથે તેઓ સુપર રબર સ્ટેમ્પ સાબિત થયા છે અને પાછા બંધારણ દિવસની ઉજવણી પ્રસંગે બંધારણનાં નૈતિક મૂલ્યોના પાલનની સુફિયાણી ભાષણબાજી કરે છે! દેશનો પ્રથમ નાગરિક શું આટલો વામણો હોય ? - લોકશાહી રાષ્ટ્રના નાગરિકો માટે આ સવાલ સદાકાળ અનુત્તર જ રહેવાનો, કારણ કે હવે જે બંધારણીય વડાઓ નિમાય છે કે ચૂંટાય છે તે ફક્ત પક્ષીય ધોરણે અને પક્ષોનાં હિતોની રખેવાળી માટે જ એ સ્થાન માટે ગોઠવાતાં પ્યાદાં બની રહે છે. ચૂંટણીપંચને એક ઊંચાઈ પર પહોંચાડનારા ટી.એન. શૅષન જેવા અણિશુદ્ધ પદાધિકારીઓની ખોટ સવિશેષ આવા સમયે જ વર્તાશે. એ જ રીતે બંધારણને વફાદાર રહી હોદ્દા પરથી હસતા મોઢે ખસી જનારા અટલબિહારી વાજપેયી જેવા વડાપ્રધાન પણ આવા સમયે જ યાદ આવશે.

# જીવનનો દાખલો એવી રીતે ગણો કે મરણનો જવાબ સાચો આવે



## લાગણીનો મેળો

રસિક વાળંદ

મોત તારી કારી નિષ્ફળતા ઘડીભર જોઈ લે,
કેટલા હૈયે સ્મરણ મારા બિછાવી જાઉં છું.
- હરીન્દ્ર દવે

●●●

જીવનમાં કેટલીક ઘટનાઓ હચમચાવી જતી હોય છે... હમણાં મિત્ર કમલેશ પટેલ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરતાં કરતાં ઢળી પડ્યો!! પોતાના આત્મીય આચાર્યશ્રીને જન્મદિવસની ‘સરપ્રાઈઝ’ આપી આ લાડકો શિક્ષક સદાયને માટે હાથતાળી દઈ છટકી ગયો.... આ કલ્પનીય ઘટનાએ વિશાળ શૈક્ષણિક સંકુલમાં શૂન્યવકાશ સર્જી દીધો !!

થોડાક સમય પહેલાં મારા પડોશી દાદા આખો દિવસ અમારા પરિવાર સાથે ગાળ્યો ને રાત્રે સૂવા ગયા ને તરત જ ચિરનિંદ્રામાં સરી ગયા... એમના અણધાર્યા અવસાનથી સૌ દિવસો સુધી ક્ષુબ્ધ રહ્યા.

અમારા બીએડ કૉલેજકાળના સર્વપ્રિય અધ્યાપક માનનીય જોધાણી સાહેબ... હંમેશ એમનું વ્યાખ્યાન છેલ્લું હોય... સાહેબ વર્ગખંડમાં પૂરી તન્મયતાથી ખીલે... દરરોજની માફક સાહેબ ભાવાર્દ્ર બની વર્ગખંડમાં વરસી રહ્યા હતા... સમયનું ઓસાણ પણ ન રહ્યું... એમના રસપ્રચૂર વ્યાખ્યાનના અંતિમ શબ્દો હતા... ‘મારા વિદ્યાર્થીઓને કાંધે સ્મશાન જવાય તો મારું જીવન સાર્થક!!’ આ અંતિમ ઉદ્‌ગાર સાચા ઠર્યા... બીજે દિવસે જોધાણી સાહેબ અનંતની યાત્રાએ ઉપડી ગયા... એમની સ્મશાનયાત્રામાં બહોળી માત્રામાં વિદ્યાર્થીઓ હતા...

કવિ ઑડને ઈચ્છામૃત્યુ કલ્પ્યુ હતું. અને એમને એવું મૃત્યુ મળ્યું પણ ખરું... એમની ઈચ્છા મુજબ મિત્રો સાથે હોટલમાં રોકાયા... કાવ્યપાઠ કર્યો... એમની પસંદનો શરાબ પીધો... એ પછી પથારીમાં રાતે નિંદ્રામાંથી ચિરનિંદ્રમાં સરી ગયા..

જર્મન નવલકથાકાર હરમાન હેસે પોતાના મૃત્યુના આગલા દિવસે જે કાવ્ય લખ્યું તેનું શીર્ષક હતું - ‘બટકણી ડાળી પર.’

●●●

મિત્રો, આપણને જીવન તો મળ્યું છે પણ જીવન અને મરણની બાબતમાં આપણે ધારીએ એમ જ થાય એવું ન પણ બને.... ધાર્યું ધણીનું થાય... આપણને આપણી રીતે જીવન જીવવાની હોંશ હોય પણ... વિધાતાને બીજું કંઈ મંજૂર હોય... આપણી મતિ અને કાળની ગતિનો સદાય પ્રાસ મળે એવું ન પણ બને...

મૃત્યુ જીવનનો મર્મ સમજાવી જાય છે... જીવન તરફ જોવાની દૃષ્ટિ જો સમુચિત રીતે કેળવાય તો મૃત્યુનું માંગલ્ય સમજાય... જીવન એટલે શિવનું જીવને મળવા આવવું અને મૃત્યુ એટલે જીવનું શિવને મળવા જવું... આપણા શાસ્ત્રકારોએ આ રમ્યવિચાર આપી મૃત્યુની ભીતિ ઓછી કરવાનો સુંદર પ્રયાસ કર્યો છે. સાચે જ મૃત્યુ છે તો જ જીવનનો મહિમા છે. મૃત્યુ જ જીવનનો સાચો પરિચય કરાવે છે.

દોસ્તો, જીવન તો ક્રિકેટની રમત જેવું છે. ક્રિકેટની રમતમાં કોઈ જ બેટ્‌સમેનને ખબર હોતી નથી કે કયો દડો એના માટે આખરી દડો છે... તેવી જ રીતે માણસને પણ કયો શ્વાસ એના માટે છેલ્લો શ્વાસ છે ! મૃત્યુ નિશ્ચિત છે પણ એનો સમય અનિશ્ચિત છે. ક્રિકેટની રમતમાં બેટ્‌સમેન કેટલા લાંબા સમય સુધી રમ્યો એ મહત્ત્વનું નથી પરંતુ એણે કેટલા ‘રન’ કર્યા એ મહત્તવનું છે. લાંબા સમય સુધી ધીમી રમત રમનાર ખેલાડી કંટાળારૂપ લાગે એમ ચેતનાશૂન્ય સુદીર્ઘ જીવન જીવનાર પણ સૌ માટે કંટાળારૂપ બની જાય છે. ઓછા બોલમાં વધારે રન કરનાર ક્રિકેટવીર જેમ વખણાય છે. તેમ અલ્પાયુષ્યમાં સત્કાર્યો કરી જનાર જીવનારનું હંમેશ સ્મરણ થાય છે. મરણની આગળ સત્કાર્યનો અડધો ‘સ્’ ઉમેરાય એનું જ ‘સ્મરણ’રહે....

એટલે જ કહેવાયું છે, ‘We live in deeds and not in years’ આપણે કર્મોમાં જીવીએ જીવીએ છીએ નહીં કે વર્ષોમાં... સંસ્કૃતમાં કહેવાયું છે, ‘અનાયાસેન મરણં વિના દૈન્યેન જીવનમ્’ દીનતા રહીત જીવન અને અનાયાસ મરણ એ સાર્થકતાની નિશાની ગણાય છે... અલ્પકાલીન જીવનપટને જે ઈન્દ્રધનુષની માફક શણગારી શકે તે જ સાચો જીવનવીર ગણાય...

સ્પર્શમણિ :

માણસ જેવા માણસ ક્ષણમાં ધુમાડો થઈ જાય એ કંઈ જેવી તેવી વાત નથી.

- સંદીપ ભાટિયા

●●●

જીવનનો દાખલો એવી રીતે ગણો કે મરણનો જવાબ સાચો આવે.

rasikvaland1965@gmail.com
Mo. 9913426949

# દુઃખી થવાનો ડર આજકાલ એટલો વધી ગયો છે કે દરેક વ્યક્તિ પોતાની સંવેદનાને ફાંસી આપીને જીવે છે

તાજેતરમાં આપણા ગાંધીનગરમાં નિવૃત જાજરમાન ફિલ્મ અભિનેત્રી રામેશ્વરીજી પધાર્યા હતા. ૧૯૭૭ માં આવેલી ‘ ફિલ્મ દુલ્હન વહી જો પિયા મન ભાયે ’ થી પદાર્પણ કરનાર રામેશ્વરજીનું સાદગી ભર્યું સાંવલું, શરમાળ વ્યક્તિત્વ મનમોહક દિસતું. ‘ લે તો આયે હો હમેં સપનોં કે ગાંવ મેં પ્યાર કી છાંવ મેં બીઠાયે રખના...’ રામેશ્વરીજી પર ફિલ્માવાયેલ આ મીઠું ગીત આજે પણ એટલું જ ગમતું અને વ્હાલું લાગે છે. હીટ ફિલ્મ ‘આશા’, ‘સુનયના’ વગેરે માં સુંદર અભિનય અને સરળ વ્યક્તિત્વ થકી તેમણે અનેક યુવાઓ ના હદયમાં સન્માનીય સ્થાન કર્યુહતું. એમાંના એક ઉદગમ ટ્રસ્ટના સંચાલક શ્રી મયુરભાઈ જોષી છે. એમની સાથે ની ડીજીટલ માધ્યમની મિત્રતાના કારણે રામેશ્વરી ગાંધીનગર સુધી ખેંચાઈ આવ્યા. તેઓ ને રૂબરૂ મળવા કે સાંભળવાની તક ચૂકાઈ ગઈ પરંતુ આડકતરા માધ્યમોથી એમને જોયા સાંભળ્યા અને અનુભવ્યા પણ ખરા. ફિલ્મ ઉદ્યોગના ભાગ રહ્યા છતાં સરળ, સહજ અને દંભ વિનાનું વ્યક્તિત્વ પ્રેરણા સ્વરૂપ અનુભવાયું. તેમણે કહ્યું ફિલ્મ અને અભિનય તેમની પ્રથમ પસંદગી રહી છે, ફિલ્મો એના નિમાર્ણ સાથે સંકળાયેલા તમામ માટે અને પ્રેક્ષકો માટે પણ જબરજસ્ત અસરકારક માધ્યમ છે,

**જ્યારે ઝીણી-ઝીણી બાબતોની સુંદર ગૂંથણી થાય, એમાં સંવેદનાની છાલક વાગે, ઊર્મિઓની રંગપૂરણી થાય તો જો એક ફિલ્મ સુંદર બની શકતી હોય તો જીવન તો કેવું અદભૂત બની શકે !**

ફિલ્મો કમાલ હોય છે અને કમાલ કરી શકે છે એવું અનેકવાર, અનેક કિસ્સાઓમાં જોવા મળ્યું છે. ફિલ્મો એ સમાજનું પ્રતિબિંબ છે. ફિલ્મોની સમાજ પર સારી-માઠી અસરોની વાત અનેકવાર લેખાઈ છે. દરેક સારી ફિલ્મોમાં અલગ-અલગ બાબત મુખ્ય સ્થાન હોય છે....કોઈકમાં વાર્તાતત્વ પ્રધાન હોય છે તો કોઈક માં સંગીત-નૃત્ય...કોઈમાં એકટીંગ મહત્વની હોય છે તો કોઈક માં દ્રષ્યો, કોઈક ફિલ્મ ટેકનીકલી સાઉન્ડ હોય છે તો કોઈક માં સંવાદ અવ્વલ દરજ્જાના હોય છે. આમ જોઈએ તો આ બધું જ એકબીજા સાથે જોડાઈ ને જ ફિલ્મનું નિર્માણ થાય છે. પણ એમાં કયુ તત્વ આકર્ષણનુંકેન્દ્ર રહેશેએ ફિલ્મ બન્યા પછી જ સ્પષ્ટ થાય છે. બધાની પસંદ અલગ-અલગ હોય છે. પરંતુ મારા પ્રમાણે કહું તો ફિલ્મ રંગીલા, તાલના વિશિષ્ટ પ્રકારના નૃત્યો વિશેષ આકર્ષણ બની શક્યા. એજ રીતે માધુરી દિક્ષીતના આગમન પછી ડાન્સ ઓરીએન્ટેડ ફિલ્મોનો યુગ શરૂ થયો. મનીષા કોઇરાલાની ‘ ૧૯૪૨ લવ સ્ટોરી ’ માધુર્ય અને ઊર્મિ સભર ગીત-અભિનયથી છવાઈ ગઈ...આવી ઘણી માઈલસ્ટોનસ જેવી ફિલ્મો છે. વાત કરીએ તો કલાકો નીકળી જાય.

કોઈક પેઈન્ટર જેમ પીંછી ફેરવીને અનેક રંગોના મિશ્રણથી ચિત્ર તૈયાર કરે એમ ફિલ્મોમાં અનેક કલાના સમન્વયથી એક સુંદર કૃતિ તૈયાર થાય છે.

હમણાં જ રજુ થયેલી ફિલ્મો સાંઢ કી આંખ, હેલ્લારો, બાલામાં સુંદર, અસરકારક અને સૂક્ષ્મ વિચારો અસરકારક રીતે વણી લેવાયા છે. આવી અનેક ફિલ્મો આવી ચૂકી છે અને હજી આવતી રહેશે...જ્યારે પણ ફિલ્મોમાં વિષયને ઝીણવટપૂર્વક કાંતવામાં આવ્યો હોય...નાનકડી ચેષ્ટા, નાનકડા હાવભાવ કે એકશનથી થતા સંવાદોનું પ્રભુત્વ હોય ત્યારે એને વાહવાઈ મળે જ છે.

‘હેલ્લારો’ એ ખૂબ હલ્લો મચાવ્યો. સમગ્ર ગુજરાત અને ગુજરાતીઓ એ જેને અભિનંદનથી નવાજી એવી આ એવોર્ડ વિનર ફિલ્મ વિશે ખૂબ લખાયું અને ખૂબ ચર્ચાયું. મેં પોતે આ ફિલ્મ ત્રણવાર જોઈ. (એના વિશે લખવા માટે નહીં એને અનુભવવા માટે જોઈ.) ફિલ્મની કથાવસ્તુ ૧૯૭૫ ની છે એટલે કદાચ આ રૂઢી – પરંપરાની વાતો સ્વીકારી લઈએ. પરંતુ મનની વાતો ચોક્કસ બંધબેસતી આવે છે. એના પરથી લાગે કે ૧૯૭૫ હોય કે ૨૦૭૫ જ્યાં પણ મનની વાત આવે ત્યાં જુનુ – નુવું શબ્દ કોરાણે મૂકાઈ જાય છે. ફિલ્મોમાં જ્યારે મનની એ ઊથલ પાથલોને હાવભાવ કે સંવાદોમાં ઢાળવામાં આવે ત્યારે એ સીધી હદયને સ્પર્શે છે. હેલ્લારોના ડાયરેકટર અભિષેક શાહે એક ઈન્ટરવ્યુમાં સરસ કહ્યું કે જ્યારે હદયને આંદોલિત કરનાર વિચાર હોય ત્યારે જ ‘ હેલ્લારો ’ સર્જાય છે.

અને સાચે જ ‘ હેલ્લારો ’ માં સંવાદો અને ગીત-સંગીતે ગજબ નશો ઘોળ્યો છે. કેટલાક મનમાં કોતરાઈ ગયેલા સંવાદોને વાગોળવાની ઈચ્છા રોકી શકાતી નથી. ‘ જીભ નામના નાગને ગુંચળુંવાળીને મોઢામાં પૂરી દેવાનું ’ ‘એને હસવુંય છે અને રડવુંય છે એ એના મોઢાના પાટીયા પર વંચાય છે ’ સરસ મનોવૈજ્ઞાનિક વાતની અભિવ્યક્તિ વર્તાઈ છે આ વાક્યોમાં આ સાથે લદાયેલી રૂઢીઓ પ્રત્યેનો છૂપો વિદ્રોહ એક જ વાક્યમાં અસરકારક રીતે વ્યક્ત થયો છે ‘ ભાગ નહી બનવાનું, ભોગ બન્યા એટલું પૂરતું છે.’ દિકરીનો કોઈ પર્યાય નથી એ સનાતત સત્ય એક વાક્યમાં સમાવી ને વાહ લઈ જાય એવું વાક્ય ‘ મનની વાત જાણી લે છે નક્કી છોડી (છોકરી) જ હશે ’ ફિલ્મનું આ વાક્ય વાહ બોલાવી દે ‘પૈસા કમાય તો બાયડી બજારમાં આવી ગઈ કહેવાય ’ આ સંવાદમાં છલકાતી કટાક્ષની કડવાહટ સોસરવી ઊતરી જાય છે. મેરીટલ રેપ જેવા પતિ-પત્નીના સંબંધના બેકગ્રાઉન્ડમાં વાગતા ગીતના શબ્દો... ‘ તારા ઓરતા ચૂલે નાંખજે, તારું મનનું મનમાં રાખજે...’ દ્વારા મર્યાદા પૂર્ણરીતે ચામડી સુધીની મર્યાદામાં જીવાતા-ગુંગળાતા સંબંધો જેમાં શારીરિક સંપર્ક છે પણ મન-આત્મા અસ્પૃશ્ય છે. સુંદર રીતે કહેવાઈ છે. આત્મિક સંબંધોની સમજ થી વેગળા સમાજના મોટા ભાગના સ્ત્રી-પુરુષની પીડાને નાયિકા મંજરીના મૂક અભિનયમાં સુંદર વાચા માળી છે. માત્ર મૂક અભિનયથી કહેવાયેલી વણભેદાયેલા આત્માના તરફરાટની વ્યથા થિયેટરમાં બેઠેલા પ્રત્યેકના ધ્યાને આવ્યા વિના ન રહી શકે. સુવાવડની પીડા એક જ વાક્યમાં સમજાઈ ગઈ છે. ‘આપણે રાડો પાડીએ અને એ બાપ બને.’ ‘બધા પાપની સજા નથી મળતી નહીં તો દુનિયામાં આટલા ભાયડા જ ન બચ્યા હોત. ’ દરેક વાક્યે પુરુષ પ્રધાન સામાજીકતા સામે બંડ પ્રગટે છે. સાસરે આવેલી વધૂ અફાટ રણ જેવા પોતાની જીવતરની વાત કહેતાં બોલાતો સંવાદ. ’ ‘ના કોઈ હેતનો હાથ, ના માયાળુ નજર...’ અંદરથી હલબલાવી નાંખે છે. ‘કેટલાક ભાયડાઓને ભગવાન સ્ત્રી જેવા કાળજા આપે છે એટલે જ દુનિયા ટકી જાય છે’ બેસ્ટ સિક્સર ઓફ ધ મેચ જેવું આ વાક્ય હદયમાં ટંકાર જગાવી જાય છે. સ્ત્રીના ચારિત્ર્ય ને પોતાની આન-બાન-શાન ગણાવતા સમાજમાં પુરુષોની ગલીપચી કરાવતી વાતોમાં રુચી...જબ્બર તમાચા રૂપ છે. હજુ કંઈ કેટલીય વાતો રહી જાય છે...લખીએ તો દરેક ફ્રેમનું અર્થઘટન નીકળી શકે. જે લોકો એને માત્ર ફિલ્મ તરીકે જ જુવે છે એને માટે પણ અનેક બાબતો સંતોષ આપનારી છે જે ફિલ્મની વ્યાખ્યાને પરિપૂર્ણ કરે છે. મૂડ પ્રમાણે કપડાંના રંગોની પસંદ, ભુંગા, સ્ત્રીઓના શરીર પરના છુંદણા, મેકઅપ, ઢોલીનું પાત્ર, અદભૂતથી ઉપરની કક્ષાના નૃત્યો – ગરબા, તલવાર રાસની કોરિયોગ્રાફી, ગીતના શબ્દો, નિરક્ષરતાનું ચિત્રણ જેવી અનેક બાબતો ખૂબ ચીવટ થી, સુંદરતમ્ રીતે રજુ કરાઈ છે. આવી ફિલ્મો કલાનો અસબાબ છે. જેનું તાર્કિક ઈવોલ્યુશન જરાય જરૂરી નથી.

આવી અને આટલી જ અસરકારકતા ‘ સાંઢ કી આંખ ’ ફિલ્મમાં જોવા મળેલી. અનુરાગ કશ્યપ દ્વારા પ્રોડ્યુસ આ ફિલ્મમાં બંને યુવા અભિનેત્રીઓ તાપસી પન્નુ અને ભૂમી પેડનેકર નો વયથી વૃધ્ધા તરીકે નો અભિનય લાજવાબ કક્ષાનો જોવા મળ્યો. ફિલ્મનું ટાઈટલ પહેલીવારમાં વિચિત્ર લાગે પણ ફિલ્મ જોવાથી પૂરેપૂરું સમજાઈ જાય.



## અબીલ-ગુલાલ

મમતા રાવલ

આ ફિલ્મ પણ ૧૯મી સદીના સમયની હોવાને કારણે રૂઢીચુસ્તતા, પરંપરા પાલન માટે જીવ સટોસટ ના ખેલ હેલ્લારો ફિલ્મ જેવા જ બતાવાયા છે. પરંતુ રોજના નવા સંઘર્ષો, અપમાનો, સહીને પણ જીવન સાથે લડતી સ્ત્રીઓનું વૃંદ અહીં પણ પોતે જીવવા માટે સુંદર રસ્તા શોધે છે...એ માસુમ પ્રયત્નો જોતા સમયે આંખ ભીની અવશ્ય જ થાય. લાગણીના સમુદ્રમાં બહાદુરીનું વ્હાણ લઈને નીકળેલી રૂઢીચુસ્ત પરિવારની બે વહુઓની વાસ્તવિક કહાની જબરજસ્ત જકડી રાખનારી બની છે. જેમાં હાસ્ય-વ્યંગ-સંવેદનાનું મિશ્રણ અદભૂત કક્ષાનું અનુભવાય. પોતાનું શરીર, પુરુષની કઠપૂતળી તરીકે સોંપીને, ધીમેક થી પોતાનું મન-પોતાનું પોતાપણું જુદુ તારવી લેવાની સ્ત્રીની આવડત જે નાના-નાના પ્રસંગો, સંવાદો અને મૂક અભિનયથી પ્રદર્શિત થાય એ હું માનું છું ત્યાં સુધી પ્રત્યેક સ્ત્રીને અપીલ કરતાં જ હશે. અંગ્રેજી શીખવાની બોલવાની ઈચ્છાને પૂરી કરવા મથતી...ગોગલ્સ પહેરવાની અદમ્ય ઝંખનાને બાલિશ ચેષ્ટાઓ દ્વારા પૂરી કરવાની કોશિશ કરતી સ્ત્રી પોતાની અંદર રહેલી એક માનવ તરીકેની તમામ સુષુપ્ત ઝંખના માટેનો તલસાટ ખૂબ બારીકી થી કહેવાય ત્યારે મન-હદય પલળી જાય. અને આ ભીનાશ માટે ફિલ્મનો, એના મેકર્સનો આભાર માનવો જ રહ્યો આવી ફિલ્મો દરેક વ્યક્તિને - પ્રેક્ષકને પોતાની જાત સુધી લઈજાય છે...પોતાની અંદર ઊતરવાનો રસ્તો કરી આપે છે. આ જરૂરી છે કારણ કે દુઃખી થવાનો આજકાલ ડર એટલો વધી ગયો છે કે દરેક વ્યક્તિ પોતાની સંવેદનાને ફાંસી આપી ને જીવે છે. કોઈને દુઃખ સહેવું નથી. ભલેપછી એ પીડા પ્રેમની કેમ ન હોય ! સહનશક્તિ, જાત પર વિશ્વાસ, મક્કમતા, સહજતા અલોપ થઈ રહી છે. શબ્દ-શબ્દ જોખીને બોલવાના વણકહ્યા નિયમો બધાએ પાળવા ફરજીયાત થતા જાય છે. બધા જીવે

અનુસંધાન પાના નં ૭ પર

# આમળા-આરોગ્યની દૃષ્ટીએ

શિયાળો એટલે મોટાભાગના લોકોની ગમતી સીઝન. શિયાળામાં વધુ ફ્રેશ રહેવાય. અને શરીર પ્રત્યે નેચરલી જ થોડી વધુ સજાગતા પ્રવર્તે. ગતાંકે આપણે શિયાળામાં ભરપૂર ખવાતી લીલી હળદરની વાત કરેલી. આજે આપણે શિયાળામાં ખવાતા એવા શરીર માટેના બેસ્ટ ટોનિક આમળાની વાત કરીએ. આમળાનું આયુર્વેદમાં પ્રચૂર વર્ણન છે. ખૂબ ઉપયોગીતા છે અને ખૂબ ઈમ્પોર્ટન્સ છે. ત્રિફળામાંના એક દ્રવ્ય એવા આમળા અનેકાધિક રીતે ગુણકારી છે. આમળાને અમૃતફલા અને વયસ્થા કહ્યા છે, એટલેકે આમળાનું નિત્ય સેવન કરનારાઓ દિર્ઘાયુષ્ય ભોગવે છે અને અકાલ મરણને પ્રાપ્ત થતા નથી. વિટામિન ‘‘સી’’ ના પ્રચૂર સ્રોત એવા આમળાના ગુણોને જાણીએ.

આમળા શ્રેષ્ઠ રસાયણ ઔષધ છે. આયુર્વેદમાં આમળાને લગતા અનેક રસાયણ પ્રયોગો છે..અમુક પ્રયોગોમાં તો એવા એવા વર્ણનો છે કે જે આજે આપણને પ્રેક્ટીકલી અશક્ય લાગે પણ આ અતિશયોક્તિયુક્ત વર્ણનો પાછળનો અનિર્દિષ્ટ સાર આમળાની કાર્મુકતા અને પ્રભાવને સિધ્ધ કરે છે. આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પહેલા લખાયેલ ચરકસંહિતામાં વર્ણીત આમળાના એક રસાયણ પ્રયોગ પર નજર કરીએ...



## પહેલું સુખ તે જાતે નર્યા

ડૉ. કેદાર ઉપાધ્યાય

’’ વ્યક્તિએ એક વર્ષ સુધી ફક્ત ગાયનાં દૂધ પર રહેવું, ગાયત્રીમંત્રના જાપ કરવા અને બ્રહ્મચર્યનું પાલન કરવું. એક વર્ષ બાદ ત્રણ દિવસના ઉપવાસ કરી, શારીરિક શુધ્ધ થઈ, માગશર-પોષ મહિનાની કોઈપણ તિથિમાં આમળાના વનમાં પ્રવેશ કરવો. મોટા ફળોયુક્ત ભરપૂર આમળા જેમા હોય તેવા વૃક્ષ પર ચઢીને આમળા લેવા. આમળાને હાથમાં લઈ બ્રહ્મનો જાપ કરતા કરતા ‘આમા અમૃતનો પ્રવેશ થઈ રહ્યો છે તેવી ભાવના કરવી’ આથી તે આમળામાં અમૃતતત્વનો સંચાર થશે. આમળા મધુરતાને પામશે. આવા આમળા જેટલા ખાવામાં આવે તેટલા હજાર વર્ષનું (હા, હજાર વર્ષ) દિર્ઘાયુષ્ય વધે છે. મનુષ્ય સાક્ષાત દેવસ્વરૂપ બને છે અને લક્ષ્મી-સરસ્વતિને પામે છે. ‘‘ છે ને કોઈ સાઈ-ફાઈ ફિલ્મની સ્ટોરી જેવું વર્ણન... સ્વાભાવિક જ.. આ પ્રયોગ કરવો પ્રેક્ટિકલી અઘરો છે, પણ એટલું તો ચોકકસ કહી શકાય કે આપણા મહર્ષિઓને આમળા પ્રત્યે કેટલો સ્નેહ અને વિશ્વાસ હશે કે તેઓ આટલું અદ્ભૂત વર્ણન કરી શકે... આપણે ભલે આવા પ્રયોગો ન કરી શકીએ.. પણ આમળાની સીઝનમાં તેનો ઉપયોગ તો કરી જ શકીએ. આમળાથી ઈમ્યુનીટી વધે, સ્કીન સરસ થાય, વાળ માટે હિતકારી છે, તાવ મટે, શરીરની ગરમી દૂર થાય, ડાયાબીટીસ માટે ઉપયોગી છે, વીર્યવૃધ્ધિ થાય, શરીરમાં ક્યાયથી લોહી પડતું હોય (જેમકે નસકોરી, પાઈલ્સ કે વધું પડતા માસિક) તેમા શાંતિ થાય, બાળકોની મેમરી વધે, ભૂખ અને પાચન સુધરે.... આવા કેટલાય ઉપયોગો છે આમળાના. હા, પ્રમાણભાન નહિં ભૂલતા.. અતિની ગતિ નથી... જેને ખટાશ વધું માફક નથી આવતી તેઓ પણ સાચવીને ઉપયોગ કરજો. બાકી, આ સિઝનમાં બેસ્ટ ટોનિક એવા આમળા અત્યારે તાજા-માજા મળે છે.. તો ખાઓ, ખવડાવો અને રહો ફીટ એન્ડ ફાઈન....

(M) 9879471147

# એક હતું સર્કલ; ઘ-૪



## મનના ઉમંગો

રણછોડ પરમાર

દસ પંદર વર્ષ પછીની કોઈ સાંજ હોય, કોઈ માતા એના નાનકડા બાળને લઈને સેંટ્રલ વિષ્ટા પર ગઈ હોય અને બાળકને બધું બતાવતી હોય એવું એક દ્રષ્ય મારા નયનો સામે રમી રહ્યું છે. તમે પણ એનો આનંદ લ્યો. બધા સંવાદ મમ્મી અને તેનું બાળક બોલે છે.

ચાલ બેટા, સેન્ટ્રલ વિષ્ટા આવી ગયું. હવે તારે જ્યાં રમવું હોય ત્યાં રમ.
અહા..હા....હા..... કેટલું બધું ઘાસ છે, એકદમ ગ્રીન, મમ્મી નહી ?
હા, બહુ સરસ ઘાસ છે. તને અહી રમવાની મઝા પડી જશે.
મમ્મી હું દોડું ?
અરે દોડ, તારામાં શક્તિ હોય એટલું દોડ.
મમ્મી. હું પડી ગયો !
અરે તું તો અમારો બહાદુર વાઘ છે. ઊભો થઈને ફરીથી દોડવા માંડ.
મમ્મી, હું હું જો ઊભો થઈ ગયો. હા. હા...હા...હા..
શાબાશ !
મમ્મી હું ગુલાંટ ખાઉં ?
અરે ખાને દીકરા, તને કોણ રોકે છે ?’’
મમ્મી હું આળોટું ?
હા, હા, મઝા કર.
હ.અ..અ.... મમ્મી મને થાક લાગ્યો...
મને તારા ખોળામાં બેસવા દે.
આવ બેટા, આવ.
મમ્મી મને તારા ખોળામાં બેસવાનું ખુબ ગમે છે.
અને મને તારા માથે હાથ ફેરવવાનું બહુ જ ગમે છે.
મમ્મી. પેલું શું છે ?
બેટા, એ સરદાર પટેલનું સ્ટેચ્યુ છે.
મમ્મી સદદાર પતેલ કોણ હતા ?
બેટા, એ આપણા બહુ મોટા નેતા હતા.
ગાંધીજી કરતાંયે મોટ્ટા ?
ના બેટા, ગાંધીજી તો સહુથી મોટા નેતા હતા. આ તો ગાંધીજીની સેનાના સરદાર હતા. અને એમને લોકો કયા નામથી ઓળખતા હતા ખબર છે ?
કયા નામે ?
આયર્ન મેન ?
એટલે ? લોખંડના માણસ ?
ના બેટા, લોખંડના માણસ નહી. પણ એમનું મનોબળ લોખંડ જેવું હતું.
મનો બલ એટલે ?
મનોબળ એટલે મનનું બળ, એમની દિમાગી શક્તિ લોખંડ જેવી હતી.
પણ એ આયર્નના ન હતા તોય એમને આયર્નમેન કેમ કહેતા હતા ?
અમે તને અમારો બહાદુર ટાયગર નથી કહેતા ? એમ. તું કાંઈ સાચુકલો ટાયગર થોડો છે ?
હું સાચુકલો ટાયગર નથી ? તો શું છું મમ્મા ?
તું અમારો વહાલો વહાલો ડિકો છે !
મમ્મી આ કારનો અવાજ ક્યાંથી આવે છે ?
આપણી નીચેથી.
બાળક ઊભું થઈને એની નીચે જુવે છે. મારી નીચે તો એક્કે કાર નથી.
આપણી નીચે મતલબ આ બગીચાની નીચેથી. તને ખબર છે, આપણે બેઠા છીએ એ બગીચાની નીચે એક રસ્તો છે અને એની ઉપર બસ અને કાર દોટમ દોટ કરે છે.
આપણી નીચે એક રસ્તો છે ? એની પર બસો અને કારો દોડે છે ?
હા.
તો રસ્તો દેખાતો કેમ નથી ?
ક્યાંથી દેખાય , એની ઉપર આવડો મોટો બગીચો બની ગયો છે.
તો પહેલા અહીં શું હતું ?
અહીં તો પહેલાં એક મોટ્ટું સર્કલ હતું.
મોટ્ટુ એટલે ? એંદ્રોડા એવડું ? (ઈંદોડા સર્કલ)
ના એનાથી થોડુક નાનું.

અનુસંધાન પાના નં ૭ પર